| GJBK060016242025 | દાખલ તારીખ: | ૨૬/૧૧/૨૦૨૫ | |
|---|---|---|---|
| | રજીસ્ટર્ડ કર્યા તારીખ: | ૨૬/૧૧/૨૦૨૫ | | |
| | ફેંસલ થયા તારીખ: | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | | – | ૦૩ | ૨૯ |

-----------------------------------

**દિયોદરના મહે.એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું દિયોદર**

-----------------------------------

ક્રિમીનલ કેસ નંબર–૧૩૨૧/૨૦૨૫
આંક.૧૫

**<u>ફરિયાદી</u> :– શ્રી સરકાર**

**<u>વિરૂધ્ધ</u>**

**<u>આરોપી</u> :– કલ્પેશભાઈ કરશનભાઈ પંચાલ(લુહાર)**
**રહે.હરીપુરા(ઘ),તા.દિયોદર,જિ.વાવ,થરાદ**

**તહોમત :– પ્રોહીબીશન એકટની કલમ ૬૫એઇ, ૧૧૬(૨) મુજબ...**

**ફરિયાદપક્ષ તરફે – વિ.એ.પી.પી.શ્રી એસ.આર.બ્રાહ્મણ**
**બચાવપક્ષ તરફે – વિ.વકીલશ્રી બી.એલ.જોષી**

-----------------------------------

**–: ચુકાદો:–**

-----------------------------------

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૦૪/૧૦/૨૦૨૫ ના રોજ ક.૧૨.૪૦ વાગ્યે પોતાના કુટુંબી ફઈ ભાવનાબેનના રહેણાંક ઘરમાં ગે.કા. અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂની તથા બીયર ટીન નંગ.૬૯૬ કિં.રૂા.૧,૯૧,૮૧૮/–નો પ્રોહી મુદ્દામાલ રાખી, પોલીસ રેઈડ દરમિયાન ઘરે હાજર ના મળી આવી, **પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ, ૧૧૬(૨)** મુજબનો ગુનો કરેલ

છે. સદરહું ફરિયાદીની ફરિયાદ આધારે પી.એસ.ઓ.એ ગુનો નોંધી, તપાસના અંતે ત.ક.અમલદારે આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો હોઈ, અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સંમસ કરતાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો સોંપવામાં આવેલી અને આરોપી ઉપર આક્ષેપિત ગુના સબબ તહોમતનામું આંક–૦૫ થી ફરમાવતાં આંક–૦૬ થી નિવેદનમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, ફરિયાદપક્ષે આરોપી સામે કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે આરોપી સામે આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચ માલાભાઈ કેશાભાઈ માજીરાણા | ૦૭ |
| (૨) | પંચ દશરથજી ચેનાજી ઠાકોર | ૦૯ |
| (૨) | સાહેદ અલ્પેશકુમાર ત્રીભોવનદાસ પટેલ | ૧૦ |
| (૪) | ફરિયાદી/ ત.ક.અધિકારી મોતીભાઈ નાનજીભાઈ | ૧૨ |

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચનામું | ૦૮ |
| (૨) | ફરિયાદ | ૧૧ |
| (૩) | સુચિપત્રક | ૧૩ |
| (૪) | રવાનગી પત્રક | ૧૪ |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પુર્ણ થયાનું જાહેર થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ-૩૫૧ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને આરોપીએ વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, તેમની સામે ખોટો કેસ કરેલ છે તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનતી કરેલ છે. ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૫) સદર કેસના ન્યાયચિક નિર્ણય અર્થે અત્રેની કોર્ટ દવારા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે.

**<u>મુદ્દા :-</u>**

**૧.** શું ફરિયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, તા.૦૪/૧૦/૨૦૨૫ ના રોજ ક.૧૨.૪૦ વાગ્યે પોતાના કુટું બી ફઈ ભાવનાબેનના રહેણાંક ઘરમાં ગે.કા. અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂની તથા બીયર ટીન નંગ.૬૯૬ કિં.રૂા.૧,૯૧,૮૧૮/-નો પ્રોહી મુદ્દામાલ રાખી, પોલીસ રેઈડ દરમિયાન ઘરે હાજર ના મળી આવી,**પ્રોહીબીશન એકટની કલમ-૬૫એઈ, ૧૧૬(૨)** મુજબનો ગુનો મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

-: **<u>કા ર ણો</u>** :-

**<u>મુદ્દા નં. ૧</u>**

(૮) મુદ્દા નં.૧ નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરૂદ્ધના આક્ષેપિત ગુનાના આક્ષેપના સ્વરૂપને ધ્યાને લેતાં તથા આરોપી સામેના આક્ષેપિત ગુનાની જોગવાઈઓના હાર્દને જોતાં હાલના આક્ષેપ મુજબનો બનાવ બનવા પામેલ હોય તેવી બાબત પુરતા અને નિઃશંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે રહેલ છે. સદરહું કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી વિરૂદ્ધનો ગુનો જયાં સુધી નિઃશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઈ માર્ગદર્શન આપવામાં આવેલ નથી, પરંતુ દરેક કેસના અને હકીકતોના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેલ છે અને પાયાના સુસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લઈને આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે **આંક.૦૭ પંચ માલાભાઈ કેશાભાઈ માજીરાણા તથા આંક.૦૯ પંચ દશરથજી ચેનાજી ઠાકોર**ને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે. આ પંચસાહેદોની જુબાની વંચાણ લેતાં, તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસ ે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકત રેકર્ડ પર રજૂ થયેલ છે. આ પંચસાહેદો પંચનામાની વિગતમાં પંચનામામાં શું લખેલું ? તે વિશે તેઓ કાંઈ જાણતા નથી કે જણાવતા નથી. પંચસાહેદો માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પંચનામામાં વિશેષ

કોઈ પુરાવો આપેલ નથી. જેથી, તેઓ બંને પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગી મેળવી પંચસાહેદોની ઉલટતપાસ કરી સુચક સવાલો પુછેલ છે, પરંતુ ઉલટ તપાસમાં તેઓશ્રી એવી કોઈ ફળદાયી વિગતો બહાર કઢાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર પંચસાહેદોએ **આંક.૦૮** ના પંચનામાની હકીકતોને સમર્થન કે અનુમોદન આપેલ ન હોય, સદર પંચસાહેદોની જુબાનીઓ ઉપરથી પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થયેલ નથી.

(૧૦) વધુમાં, ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **આંક.૧૦ થી સાહેદ અલ્પેશકુમા ત્રીભોવનદાસ પટેલ**(પી.આઈ.)નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. આ કામે ફરિયાદીની કોર્ટ રૂબરૂ રજૂ જુબાની વંચાણે લેતાં તેઓએ જણાવેલ છે કે, તા. ૦૪/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ તથા પો.સ્ટાફના માણસો દિયોદર પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં દરમ્યાન હરીપુરા(ઘ) ગામે આવતા તેઓને ખાનગી બાતમી મળેલ કે, હરીપુરા(ઘ) ગામે રહેતા આ કામના આરોપી પોતાના કુટુંબી ફોઈ ભાવનાબેનના બંધ પડેલા મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી વેચાણ કરો છો. જે બાતમી આધારે નજીકમાંથી બે પંચો બોલાવી પંચો સાથે રાખી સદર બાતમી વાળી જગ્યાએ જઈ ભાવનાબેનના ઘરે આવી તપાસ કરતા ઘરે કોઈ હાજર મળી આવેલ નહી. અને સને સદર ઘરમાં એક રૂમમાં તાળુ મારેલ હતું. જેનું તાળું તોડી જોતાં ભારતીય બનાવટના બિયરની કુલ બોટલ/ટીન નંગ-૬૯૬ કુલ કિં.રૂા. ૧૯૧૮૧૮/- નો મુદામાલ વગર પાસ પરમીટનો મળી આવેલ. જેમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કાઢી લઈ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ. જે અંગેનું વિગતવાર પંચનામું

તા.૦૪/૧૦/૨૦૨૫ ના રોજ ક. ૧૧:૩૦ થી ૧૨:૪૦ સુધીનું તેઓએ પંચોના લખાવ્યા મુજબનું કરી લીધેલ. તથા આ સાહેદ રૂબરૂપણામાં પોતાની સહી ઓળખી બતાવે છે. સદર બનાવ સંદર્ભે સાથેના અ.હે.કો.એ આ કામના આરોપી વિરૂધ્ધ **પ્રોહી એકટની કલમ-૬૫એઈ, ૧૧૬(૨)** મુજબ ફરિયાદ આપેલ. તથા ફરિયાદ આપતી વખતે સેમ્પલ તથા પ્રોહી મુદામાલ પી.એસ.ઓ સમક્ષ જમા કરાવેલ.

ત્યારબાદ, બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરતાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે, બનાવ સમયે કોઈ ઈસમ પકડાઈ આવેલ નહી. વધુમાં તેઓ સ્વીકારેલ છે કે,તેઓની હાજરીમાં બનાવવાળી જગ્યાની માલીકીના કોઈ આધાર પુરાવા કબ્જે લેવામાં આવેલ નથી.

(૧૧) ફરિયાદપક્ષે **આંક-૧૩ થી ફરિયાદી/ત.ક.અમલદાર મોતીભાઈ નાનજીભાઈ અ.હે.કો.** નાઓને તેઓની સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, બનાવના દિવસે તેઓ તથા પો.સ્ટાફના માણસો દિયોદર પો.સ્ટે. વિસ્તારમાં પ્રેટ્રોલિંગમાં હતા. દરમિયાન સાથેના પી.આઈ.શ્રીને બાતમી મળેલ કે, આ કામના આરોપી પોતાના કુટુંબી ફોઈ ભાવનાબેનાના બંધ પડેલા મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી વેચાણ કરો છો.જે બાતમી આધારે પંચો સાથે રાખી સદર ઘરની ઝડતી તપાસ કરતાં ઘરમાંથી બીયર ટીનની બોટલ નંગ-૬૯૬ કુલ કિં.રૂા. ૧૯૧૮૧૮/- નો મુદામાલ વગર પાસ પરમીટનો મળી આવેલ. જેમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કાઢી લઈ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ. જે અંગેનું વિગતવાર પં ચનામું સાથેના પી.આઈ.શ્રીએ પંચોના લખાવ્યા મુજબનું કરી લીધેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ **પ્રોહી એકટની કલમ-૬૫એઈ, ૧૧૬(૨)**

મુજબ ફરીયાદ તેઓએ આપેલી. ત્યારબાદ સદર ફરિયાદ આધારે પી.એસ.ઓ.શ્રીએ સદર ગુનાની આગળની તપાસ તેઓની તરફ ડેપ્યુટ કરતાં, ગુનાની તપાસ સંભાળી લીધેલી. ત્યારબાદ મુદામાલ વૈજ્ઞાનિક તપાસણી અર્થે એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. ત્યારબાદ તમો આરોપી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

– વધુમાં, બચાવપક્ષે કરાયેલ ઉલટ તપાસમાં ત.ક.અમલદાર સ્વીકારી ગયેલ છે કે,સદર કામે ફરિયાદી તથા ત.ક.અમલદાર તેઓ જ છે. વધુમાં સ્વીકારી ગયેલ છે કે,બનાવ સ્થળેથી કોઈ ઈસમ પકડાયેલ નહી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાની માલીકી અંગેના કોઈ આધાર પુરાવા તેઓની તપાસના કામે કબજે લેવામાં આવેલ નથી.તથા વૈજ્ઞાનિક પરીક્ષણનો અહેવાલ આવેલ નથી.

– વધુમાં, રેકર્ડ પર રજૂ ફરિયાદી તથા ત.ક.અધિકારીની જુબાની તથા રેકર્ડ વંચાણે લેતાં આ કામે ફરિયાદપક્ષે, બનાવવાળી જગ્યાએ સહેલાઈથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હોવા છતાં તેવા કોઈ જ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસેલા નથી. તેમજ, **રેકર્ડ પર રજૂ ફરિયાદમાં પંચોના નામ સરનામા તથા પેટ્રોલીંગમાં વપરાયેલ વાહનનું વર્ણન તથા બનાવવાળી જગ્યાએ પહોંચવાનો તથા નિકળવાનો સમય જણાવેલ હોય તેવી હકીકત પણ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં, આ કામે કબજે કરેલ મુદ્દામાલનો એફ.એસ.એલ રીપોર્ટ પણ આ કામે રજૂ થયેલ નથી.** તેમજ, આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોય તેવી મહત્વની હકીકત પણ પુરવાર કરવા નિષ્ફળ રહેલા છે. **તેમજ,**

**મુદ્દામાલ કબજે કરેલ તે બનાવવાળી જગ્યા આરોપીની માલિકની છે તેવો આધાર પુરાવો પણ રજુ કરવામાં નિષ્ફળ નિવડેલ છે.**

(૧૩) આ કામે ફરિયાદીની ફરિયાદ રજુ થયેલ છે તથા ફરિયાદીનો પુરાવો નોંધાયેલ છે, પરંતુ ફરિયાદની વિગત નિ:શંકપણે પુરવાર થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ કામે પંચનામું રજુ થયેલ, પરંતુ તે પંચનામાના પંચસાહેદોનો પુરાવો નોધાયેલ હોવા છતાં તે પંચનામાની વિગત પુરવાર કરેલ નથી. તેથી, રેકર્ડ પર રજૂ પંચનામું બિનપુરવાર રહેલ છે.

(૧૪) જે રીતે ફરિયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીનો સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી સાબિતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ પંચનામું સાબિત થયેલ માની લઈએ તો, આ કામે આરોપીના કબજા માંથી મુદ્દ્માલ પ્રોહી વિદેશીદારૂ મળેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૫) આમ, આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, સ્વતંત્ર પંચ સાહેદની જુબાની ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ મુદ્ધામાલ કબજે કર્યા અંગેનું પંચનામું સદર પંચસાહેદની હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચસાહેદની રૂબરૂ પોલીસે આરોપીના કબજામાંથી વિદેશીદારૂ કંપની માર્કાની સીલબંધ બોટલો કબજે કરેલ હોવાનું ફલીત થયેલ નથી. આમ, ફરીયાદપક્ષનો હાલનો કેસ જે પંચનામા ઉપર આધારીત છે તે પંચનામાના સ્વતંત્ર પંચ સાહેદ મુદ્ધામાલ રીકવરી પંચનામાની હકીકતોને સમર્થન કે અનુમોદન આપેલ ન હોઈ, સદર પંચસાહેદની જુબાનીના આધારે સદર પંચનામાની હકીકતો

નિઃશંકપણે પુરવાર થયેલ હોવાનું માનવાલાયક જણાતું નથી. આમ, ફરીયાદ મુજબના કહેવાતા બનાવના દિવસે પંચસાહેદની હાજરીમાં આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી પોલીસે પ્રતિબંધિત વિદેશીદારૂ કંપની માર્કાની સીલબંધ બોટલો કબજે કરેલાની ફરીયાદની હકીકતો ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોવાનું જણાઈ આવે છે.

(૧૬) વધુમાં પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨)ને ધ્યાને લેવામાં આવે તો તેમાં ઈંગ્લીશ દારૂ હતો તેવું અનુમાન સાબીત કરવા માટે ઉત્પાદકનો કોઈ જવાબ પણ તપાસ કરનાર અમલદારશ્રીએ લીધેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં અત્રેની અદાલત નામદાર ગુજરાત હાઈકોર્ટના ***ગુલાબભાઈ રણછોડભાઈ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત*** ના કેસમાં ***૧૯૯૨(૨) જી.એલ.એચ.(યુ.જે.) પાન નંબર–૧૧*** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખે છે કે જેમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે " જયારે પ્રોસીકયુશન તરફે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ ન હોય કે લેબલ ની ખરાઈ કરેલ ન હોય તે સંજોગોમાં પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨) મુજબ અનુમાન થઈ શકે નહી અને તેથી આરોપીને સજા કરી શકાય નહી." હાલના કેસની હકીકતોને પણ ધ્યાને લેવામાં આવે તો તપાસ કરનાર અમલદારશ્રીએ મુદ્દામાલ ઈંગ્લીશ દારૂ બાબતે તેના ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે તે બોટલ સીલબંધ હોવા છતાં તેના સીલ અંગેની કોઈ સરખામણી પણ કરેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત નામદાર વડી અદાલતના ચુકાદાના આધારે પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨)નું અનુમાન થઈ શકે નહી તેમ સ્પષ્ટ ઠરાવેલ હોઈ અને આ કામે ઉપરોકત રજુ થયેલ પુરાવો જોતાં મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાના પંચ સાહેદે મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાની હકીકતોને સમર્થન કે અનુમોદન આપેલ નથી કે આ કામે ઉત્પાદકનો પણ કોઈ જવાબ લેવા્માં આવેલ નથી કે તેઓને

હાલના કામે તપાસવામાં પણ આવેરલ ન હોઈ પુરતા પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૭) આ સંદર્ભે અત્રેની અદાલત નામદાર બોમ્બે હાઈકોર્ટના ***<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂદ્ધ ઓનકાર મનીક પાટીલ</u>*** ના કેસમાં ***<u>૧૯૭૯ ક્રિમીનલ લો રીપોર્ટર મહારાષ્ટ્ર ૪૨૧</u>*** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે " જયારે પંચ સાહેદ દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહી. " હાલના કામે મુદ્દામાલ કબજે કરેલ હોવા બાબતનું પંચનામું કરવામાં આવેલ છે, પરંતુ સ્વતંત્ર પંચોની સોગંદ ઉપરની જુબાની ઉપરથી ફરીયાદ પક્ષ સદર પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તે સંજોગોમાં હાલના કામે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને રાખતાં, પોલીસ સાહેદના પુરાવાનું કોઈ વિશેષ મુલ્ય રહેતું નથી અને હાલના કેસના ગુણદોષ ઉપર તેની કોઈ અસર પડે તેમ જણાતું નથી. આમ, તમામ ચર્ચા કર્યા અનુસાર હાલના કેસમાં ફરીયાદ મુજબનો આક્ષેપિત મુદ્દામાલ આ કામના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલાની ફરીયાદની હકીકતો ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી અને ફરીયાદ પક્ષે જે કાર્યવાહીથી આરોપી પર ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે તે ફરીયાદ પક્ષે નિઃશંકપણે સાબિત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ સજાનેપાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોઈ આરોપીને સજા થઈ શકે નહી તેમ મારૂં માનવું છે અને તે સંજોગોમાં મુદ્દા નં.(૧) નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.(૨) પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## **-: <u>આખરી હુકમ</u> :-**

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ-૨૭૧(૧)

અન્વયે આ કામના આરોપી **કલ્પેશભાઈ કરશનભાઈ પંચાલ(લુહાર)** નાઓને **પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઈ,૧૧૬(૨)** મુજબના સજાને પાત્ર ગુના માંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ–૪૮૧(૧) ની જોગવાઈઓ અન્વયે આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી હાલના કામે અપીલ સમય દરમ્યાન તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરેલ વિદેશીદારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ: ૨૫/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દિયોદર
તારીખ: ૨૫/૦૩/૨૦૨૬

(રાજેન્દ્ર ઘનશ્યામભાઈ બારોટ)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દિયોદર, બનાસકાંઠા.
કોડનં.જીજે.૦૦૫૭૨